# અભાવ નહિ કે પ્રભાવ નહિ માત્ર સ્વભાવથી મત આપીએ

## જાતિ, ધર્મ કે સંપ્રદાયના આધારે નહી પરંતુ ઉમેદવારના ટ્રેક રેકોર્ડ આધારે મતદાન કરવું જોઈએ

ગાંધીનગર, તા.૧૨

લોકશાહીનો મહાપર્વ નજીક આવી રહ્યો છે. ચુંટણીનો માહોલ ચારે બાજુ જામ્યો છે. ઉમેદવારો મતદારોનો સંપર્ક રેલી, સભા, રોડ શૉ મારફતે કરી રહ્યા છે એક જાગ્રત મતદાર તરીકે આપણી ફરજ હોવી જોઈએ કે આપણે એવા ઉમેદવારને પસંદ

**સમયસર**

કરીએ જે પ્રજાને અને સમાજને સતત ઉપયોગી બને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવે. ધર્મ, જાતિ, સંપ્રદાય કે પક્ષના પ્રભાવના બદલે ઉમેદવારનો ટ્રેક રેકોર્ડ જોઈ મતદાન કરીશું તો તેમાં જ આપણા ભવિષ્યનું હીત સમાયેલું છે.

મતદાનનો દિવસ નજીક આવી ગયો છે. પ્રજાનું સમર્થન મેળવવા માટે ચુંટણીમાં ઉભેલા ઉમેદવારો મતદારોની આસપાસ ઘુમી રહ્યા છે. કોઈને કોઈ વિસ્તારમાં કોઈને કોઈ પક્ષ કે અપક્ષના ઉમેદવારો મતદારોને પોતાના પક્ષમાં મતદાન કરવા સમજાવી રહ્યા છે. કાર્યકરોની ફોજ રેલી, રોડ શૉ દ્વારા જાણે શકિત પ્રદર્શન કરતી હોય તેમ ઢોલ નગારા સાથે માર્ગો પર ફરતી જોવા મળી રહી છે. કેટલાક નેતાઓ લોક સંપર્ક દ્વારા મતદારોના હૃદયને જીતવા પ્રયાસ કરી રહ્યા છે. પાંચ વર્ષમાં ફકત ચુંટણી ટાણે જ દેખાતા આવા ઉમેદવારોને આવકારવા મતદારો પણ થનગને છે. મતદારોએ હવે જાગ્રત અને નિર્ભિક થઈ જવાની જરૂર છે. ઉમેદવારોને આવકારો તેમની વાત સાંભળો પણ સાથે જ તમારી વાત પણ સંભળાવો. તેઓના કામનો હિસાબ માંગતા જરાય અચકાશો નહીં. એક વખત પ્રશ્ન પુછવાની હિંમત કરશો તો આગામી પાંચ વર્ષમાં પ્રશ્નો ઉભા નહીં થાય અને પડતર પ્રશ્નોના હલનો માર્ગ મોકળો થશે. પુછો એમને કે ચુંટાઈ આવ્યા બાદ તેમનો સંપર્ક કેવી રીતે કરી શકીશું. કયા કાર્યાલય પર, કયા સ્થળે કયા પ્રતિનિધિ મારફત તેઓનો સંપર્ક થઈ શકશે..!

ધ્યાન રહે આ લોકસભાની ચુંટણી છે એટલે રોડ-રસ્તા, ગટર જેવા સ્થાનિક પ્રશ્નો નહિ પરંતુ કેન્દ્ર સરકાર હસ્તક હોય તેવા રેલવે, ટપાલ, ઈન્કમટેકસ અને વિવિધ યોજનાઓના અમલીકરણ અંગેના પ્રશ્નો પુછવાના છે. કેન્દ્ર સરકારની કોઈ યોજનાનો લાભ મળતો ન હોય તેમાં ભ્રષ્ટાચાર ચાલતો હોય, કોઈ અગવડ પડતી હોય તે અંગે પણ સવાલ કરી શકાય..!

ઉમેદવારને સ્થાનિક પ્રશ્નો બાબતે કેવી સમજ છે, પૂર્વ સાંસદ હોય તો તેણે પોતાના મતવિસ્તારના કેટલા પ્રશ્નો સસદમાં રજુ કર્યા છે...? પ્રજા સાથે તેનો વ્યવહાર કેવો છે અને તેનો ટ્રેક રેકોર્ડ કેવો છે તે બાબતે પણ મતદારે જાગ્રત રહેવાની જરૂર છે. ઘરના અન્ય સભ્યો કે મિત્રો કોને મત આપવાના છે તેના આધારે નહીં પરતુ પોતાની સમજ શકિતના આધારે મતદારોએ મતદાન કરવું જોઈએ.

લોકશાહી લોકો વડે અને લોકો માટે જ ચાલતી વ્યવસ્થા છે તે ધ્યાને લઈ કોઈ લાલચ, ડર કે પ્રભાવમાં આવ્યા વગર એવા ઉમેદવારને મત આપો જે આપણા મતવિસ્તારનું સાચા અર્થમાં પ્રતિનિધિત્વ કરે અને જેને ખરેખર આપણા મતવિસ્તારના વિકાસમાં રસ હોય...

સાચા અને સારા ઉમેદવારને પસંદ કરીશું તેવી પ્રતિજ્ઞા સાથે...

મતદારોની જય હો...




પાનખરનો વૈભવ - પાનખર પરાકાષ્ટાએ પહોંચી છે... વૃક્ષે-વૃક્ષે, ડાળીએ - ડાળીએ પાન ખરી પડ્યા છે... બસ નવા પાન ઉગવાની ઘડીઓ ગણાય છે... અને આ કુદરતનો ક્રમ છે... 'અમ વિતી તુજ વિતશે, ધીમી બાપુડીયા...' નવા પાન આવશે, ફરી પીળા પડશે અને ફરી નીચે પડશે... લીલાછમ્મ પાનથી ઘેરાયેલું વૃક્ષ ખાલીખમ લાગે છે... સૂનુસૂનુ લાગે છે... પણ કુદરત છે... ફરી પાછુ પાન અને પુષ્પની સુગંધથી મ્હેંકી ઉઠશે અને વૃક્ષનો વૈભવ ફરીથી એ જ ઠાઠમાઠથી મ્હોરી ઉઠશે.... (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરની આર.જી. કન્યા વિદ્યાલય જિલ્લા કક્ષાએ દ્વિતીય શ્રેષ્ઠ શાળા

## જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળામાં કલોલની ઝેવિયર્સ હાઈસ્કુલ

## પ્રથમ ત્રણ ક્રમાંકની શાળાઓને ૧ લાખનું પ્રોત્સાહક ઈનામ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માટે જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે કલોલ સ્થિત સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલની પસંદગી કરવામાં આવી છે. જયારે દ્વિતીય ક્રમે સે-૨૩ કડી કેમ્પસ આર.જી. પટેલ કન્યા શાળાએ સ્થાન લીધું છે.

શાળાઓની કચેરી કક્ષાએથી જિલ્લા અને રાજયકક્ષાની શ્રેષ્ઠ શાળા પસંદ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જે અનુસંધાને ગત જાન્યુઆરી મહીનામાં જિલ્લા કક્ષાએથી શાળાના નામની દરખાસ્ત કરવામાં આવી હતી. જેમાં જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ૮૦ ટકા કે તેથી વધુ પરિણામ પ્રાપ્ત કર્યું હોય તેવી વધુમાં વધુ શાળાઓ ભાગ લે તે માટે પણ પ્રયાસો કરવામાં આવ્યા હતા. જે અન્વયે ઓછામાં ઓછી ૫ શાળાઓમાંથી ૧ શાળા ૧૦ શાળામાંથી ૨ તેમજ ૧૫ શાળા કે વધુ શાળામાંથી ૩ શાળાઓને પસંદગી કરવાની કાર્યવાહી કરવાનું સૂચવાયું હતું. જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા પસંદગીની કાર્યવાહીના અંતે પ્રથમ સ્થાને કલોલની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ દ્વિતીય ક્રમે સે-૨૩ સ્થિત આર.જી. પટેલ કન્યા વિદ્યાલય તેમજ તૃતીય સ્થાને શા.અ.તા. પટેલ સંચાલિત વિદ્યાલય ખરવા તા. માણસાની પસંદગી કરવામાં આવી છે. ત્રણેય શાળાઓને પ્રોત્સાહક ઈનામ રૂપે એક-એક લાખ રૂપિયા ચુકવવામાં આવશે. રાજયમાં શિક્ષણની ગુણવત્તા સુધરે તેમજ સ્તર ઉચું આવે તે માટે શિક્ષણ તંત્ર દ્વારા અનેકવિધ પ્રોત્સાહક પ્રયાસો હાથ ધરવામાં આવે છે. શિક્ષણ ક્ષેત્રે શાળાઓની સર્વાંગી પ્રવૃત્તિઓને પ્રોત્સાહક બળ પુરું પાડવા શ્રેષ્ઠ શાળાઓની પસંદગીની કાર્યવાહી પણ પ્રેરણાદાયી બની રહે છે.

# સતત બીજા દિવસે પણ જેઈઈનું આયોજન

અમદાવાદ, તા.૧૨

દેશની ટોચની આઈઆઈટી અને ઈજનેરી કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે ફરજીયાત એવી જેઈઈની ઓનલાઈન પરીક્ષા આજે સતત બીજા દિવસે લેવાઈ હતી. જેઈઈ મેઈનની ઓફલાઈન પરીક્ષા પૂર્ણ થયા બાદ ચાર અલગ અલગ તારીખો જેઈઈની ઓનલાઈન પરીક્ષા માટે ફાળવવામાં આવી હતી. જેમાં આજે સતત બીજા દિવસે લેવાયેલ પરીક્ષામાં રાજયભરમાંથી ૧૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી ત્યારે રજીસ્ટ્રેશન કરાવ્યા છતાં પરીક્ષા આપી હોવા તેવા અંદાજે ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે આગામી ૧૯ એપ્રિલના રોજ પરીક્ષા આપવાની છેલ્લા તક રહેશે. ઉલ્લેખનીય છે કે એન્જીનીયરીંગમાં જવા માંગતા વિદ્યાર્થીઓ દેશભરની જાણીતી કોલેજોમાં પ્રવેશ ફાળવવા માટે રાષ્ટ્રીય કક્ષાએ જેઈઈની પરીક્ષા લેવામાં આવે છે. જે અંતર્ગત જેઈઈની ઓફલાઈન પરીક્ષા ગત રવિવારે લેવામાં આવી હતી.

# મોદી આવશે તો ફરી પ્રોપર્ટી અને શેર માર્કેટમાં તેજી આવશે

## વિકાસના નામે માત્ર તાયફા અને કોમી વૈમનસ્ય ફેલાવવામાં નંબર વન

ગાંધીનગર, તા.૧૨

જેમ જેમ લોકસભાની ચૂંટણીઓના મતદાન યોજાતા જાય છે તેમ તેમ આ દેશના રાજકારણીઓની ઉંઘ હરામ થતી જાય છે. ચૂંટણી જીતવા આ દેશના નેતાઓ દ્વારા વ્યકિતગત આક્ષેપોને લોકહિતના કાર્યો કે અગત્યના મુદ્દાઓ પ્રત્યેના અભિગમ કરતા વધુ મહત્વનું સ્થાન અપાઈ રહ્યું છે. એક તરફ નેતાઓ દ્વારા સતત બેફામ વાણી

**ઈલેકશન લાઈવ**

વિલાસ અને નકારાત્મક રાજનીતિનો મારો ચલાવાઈ રહ્યો છે ત્યારે બીજી તરફ આ દેશના નાગરિકો માટે આશા જગાવતી હકારાત્મક ચૂંટણી પંચ દ્વારા સતત વહેતી રખાઈ છે. ચૂંટણી પંચે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત અનેકવિધ પ્રયાસો હાથ ધર્યા છે. જેને પ્રજા દ્વારા ખૂબ જ ઉમળકાભેર આવકારવામાં આવી રહ્યું છે. મતદાનના શરૂઆતના તબક્કામાં નોંધાયેલ મતદાનની ટકાવારી મતદારોના આ વિશ્વાસને છલકાવી રહી છે.

ઈલેકશન લાઈવની ટીમ દ્વારા આજે ગાંધીનગરના સૌથી વ્યસ્ત કોમર્શીયલ વિસ્તાર સેકટર-૧૧ની મુલાકાત લીધી હતી. વિવિધ શોપીંગ અને કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં કામ કરતા મતદારોનો અભિપ્રાય મેળવવા કોશિષ કરાઈ હતી. અહીં એક કોમ્પ્લેક્ષમાં આવેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની કંપનીમાં કામ કરતા ધીરેન પટેલે તેમના અભિપ્રાયમાં ભ્રષ્ટાચાર અને લઘુમતી તૃષ્ટીકરણને દેશના સૌથી મોટા અનિષ્ટ ગણાવ્યા હતા. તેમના મતે રાજકીય પક્ષની વિચારચારા મહત્વની છે જેના કારણે દેશમાં આપણે કેવી સરકાર બનાવવી છે તેનો નિર્ણય લેવો સહેલો પડે છે. આયાતી ઉમેદવાર અંગેના સવાલમાં તેમણે આયાતી ઉમેદવારી અયોગ્ય ગણાવતા જે તે વિસ્તારમાં રહેતા ઉમેદવાર હોય તો સ્થાનિક પ્રશ્નોને વધુ સારી રીતે સમજી શકે અને લોકો પણ સહેલાઈથી મળીને પોતાની સમસ્યા રજૂ કરી શકે તેવો મત આપ્યો હતો. જો કે વડાપ્રધાન પદે તેમની પહેલી પસંદગી નરેન્દ્ર મોદી જ છે તેવું સ્પષ્ટ જણાવ્યું હતું.

નામ નહીં આપવાની શરતે ચર્ચા કરવા તૈયાર થયેલા એક યુવાને આ દેશના વિકાસ માટે કોંગ્રેસને યશ આપ્યો હતો. ભાજપ દ્વારા કોમવાદ અને વૈમનસ્ય ફેલાવાઈ રહ્યું છે તેવા અભિપ્રાય સાથે તેમણે મોદી વિકાસના નામે માત્ર તાયફા જ કરે છે તેવો આક્ષેપ પણ કર્યો હતો. તેમના મતે આ દેશનો સૌથી મહત્વનો પ્રશ્ન બેરોજગારી છે અને યુપીએ સરકારમાં સૌથી વધુ કવોલીફાઈડ મંત્રીઓ હોવાથી બેરોજગારી ઝડપથી દૂર કરી શકશે તેવો આશાવાદ સેવ્યો હતો. જો કે તેમણે અરવિંદ કેજરીવાલને

● અનુસંધાન પાન-૭ પર

# મતદાનના આડે બે અઠવાડિયા છતા મતદારોમાં ઉત્સુક્તાના બદલે નિરસતા

## ભાજપના રાષ્ટ્રીય નેતા ચૂંટણી લડવાના હોવા છતાં ગાંધીનગરમાં ચૂંટણીનો મિજાજ ફીક્કો..!!

ગાંધીનગર, તા. ૧૨

લોકસભાની ચૂંટણીના આડે હવે માત્ર બે અઠવાડિયા જ રહ્યા છે. ચૂંટણી પ્રચાર દરમિયાન નેતાઓના ભડકાઉ ભાષણ અને બેફામ વાણીવિલાસના લીધે વિવાદનો મધપુડો છંછેડાયો છે. સમગ્ર દેશમાં ઈલેક્શન ફીવર છવાયેલો છે પરંતુ ચૂંટણી પ્રચાર પરાકાષ્ઠાએ પહોંચવાની અણીએ છે. પણ પાટનગરમાં હજી ચૂંટણીલક્ષી ગરમાવો જોવા મળતો નથી. મતદાનને માત્ર ૧૮ દિવસો જ બાકી છે ત્યારે નગરના જનજીવનમાં પણ કોઈ હાલ ચૂંટણીલક્ષી ઉત્તેજના જોવા મળતી નથી. ભાજપના રાષ્ટ્રીય નેતા ગાંધીનગરની બેઠક પરથી ચૂંટણી લડવાના હોવા છતાં મતદારોમાં હજુ નિરસતા જોવા મળી રહી છે.

લોકસભાની ચૂંટણીને લઈને દેશના કેટલાક ભાગોમાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે બાકીના રાજ્યોમાં પ્રચાર પડધમ વચ્ચે ચૂંટણી ચકરાવો સિવાય જાણે કોઈ હોટ નથી! મતદારોને પોતાની તરફ આકર્ષવા રાજકીય પક્ષો દ્વારા માઈક પરથી ભડકાઉ ભાષણો થતા હોવાનો મુદ્દો પણ વિવાદની એરણે પહોંચ્યો છે. ગુજરાતમાં પણ પી.એમ.પદના ઉમેદવાર મોદી વડોદરાની બેઠક પરથી ચૂંટણી લડવાના હોવાથી પક્ષના કાર્યકરો સહીત મતદારોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અત્યાર સુધીમાં આ ઐતિહાસિક ચૂંટણી જંગ બની રહ્યો હોવાનો એકરાર પણ નેતાઓ પોતાના ભાષણ દરમિયાન કરી રહ્યા છે. ભાજપના રાષ્ટ્રીય નેતા અડવાણીજી પણ ગાંધીનગરની બેઠક પરથી ચૂંટણી લડવાના છે. આ બેઠક માટે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષમાંથી અત્યાર સુધી ૨૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. પરંતુ ચૂંટણીના દિવસો જેમ નજીક આવતા જાય છે તેમ મતદારો ઉત્સુક બનવાની જગ્યાએ નિરસ બનતા જતા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ચૂંટણીલક્ષી ગતિવિધિઓ તેમજ પ્રચાર ઝુંબેશ દરમિયાન પણ કાંઈ હાલ નજરે પડતુ નથી. બીજીતરફ વધુ મતદાન થાય તે માટે ઉત્તમ પ્રયાસો હાથ ધરાયા છે. ચૂંટણીના આડે માત્ર બે અઠવાડિયાનો સમય જ બાકી છે ત્યારે મતદારોમાં ઉત્સુકતાના બદલે છવાયેલી નિરશતા ખૂંચે તેવી હોવાનું પણ મનાઈ રહ્યું છે.

**એક થીગડું છાયડો...**



(તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં વધતો ગરમીનો પારો

## ગાંધીનગર સહિત રાજ્યભરમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં વધારો : હજુ ગરમી વધવાના સ્પષ્ટ એંધાણ

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ સહિત ગુજરાતભરમાં લોકો તીવ્ર ગરમીનો અનુભવ કરી રહ્યા છે. નીચલી સપાટીએ ફુંકાઈ રહેલા ઉત્તરપશ્ચિમી પવનોના પરિણામ સ્વરુપે હાલત કફોડી બનેલી છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૮.૪ ડિગ્રી નોંધાયું હતું જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨.૭ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે તાપમાન આજ કરતા વધીને ૩૯ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે. હવામાન વિભાગે ગરમીના સંદર્ભમાં કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરી નથી પરંતુ એમ માનવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાગોમાં ગરમીના પ્રમાણમાં વધારો થઈ શકે છે. આજે સૌથી વધુ ગરમીનો અનુભવ ઈડરમાં થયો હતો. અહીં મહત્તમ તાપમાન વધીને ૪૦.૬ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. આવનાર દિવસોમાં ગરમીને લઈને સામાન્ય લોકો બચવા માટેની તૈયારીમાં લાગી ગયા છે. હાલમાં ઠંડક પહોંચાડતી ચીજવસ્તુઓના વેચાણમાં વધારો જોવા મળી રહ્યો છે જેમાં તરબૂચનો સમાવેશ થાય છે. ઊંચા ભાવ હોવા છતાં લોકો ખરીદીમાં લાગેલા છે. બીજી બાજુ પ્રદૂષિત પાણીના કારણે રોગચાળાથી સાવધાન રહેવાની સલાહ નિષ્ણાત તબીબો આપી રહ્યા છે.

# અમિત શાહ પર પ્રતિબંધથી ભાજપ નારાજ : રવિશંકર પ્રસાદ

## પંચ પ્રતિબંધ નહી ઉઠાવે તો અન્ય વિકલ્પ ઉપર વિચારાશે : નહેરૂ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીની અંગત બાબતો થઈ શકે પરંતુ એ કોઇપણ સંસ્કાર નથી : રવિશંકર પ્રસાદ

અમદાવાદ, તા.૧૨

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય નેતા અને રાજ્યસભાના વિપક્ષના ઉપનેતા રવિશંકર પ્રસાદે આજે ઉત્તરપ્રદેશમાં અમિત શાહની



રેલી અને જાહેરસભાઓ પર પ્રતિબંધ મુકવાના ચૂંટણી પંચના આદેશને તત્કાલ પાછો ખેંચી લેવાની માંગણી કરી હતી અને એક પક્ષના જવાબમાં તેમણે એવી પણ ગર્ભિત ચેતવણી ઉચ્ચારી હતી કે ચૂંટણી પંચ આ આદેશ પાછો નહીં ખેંચે તો ભાજપ તેના અન્ય વિકલ્પો પણ ખુલ્લા રાખશે. અમદાવાદના ચૂંટણી પ્રવાસે આજે આવી પહોંચેલા રવિશંકર પ્રસાદે એક ભરચક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ચૂંટણી પંચે અમિત શાહ અને સમાજવાદી પક્ષના આઝમ ખાનને આચારસંહિતાના ભંગ બદલ શો-કોઝ નોટિસ આપી હતી. આ નોટિસનો જવાબ આપવા તા. ૧૨મી એપ્રિલ એટલે કે આજ સાંજ સુધીનો સમય આપ્યો હતો. હજુ અમિત શાહનો જવાબ ચૂંટણી પંચ સુધી ગયો જ નથી તે પહેલા અમિત શાહ પર જે રીતે ઉતાવળે પ્રતિબંધ લાદયો છે તેનાથી ભાજપને ખુબ જ દુઃખ પહોંચ્યું છે અને ભાજપ ખુબ જ સ્પષ્ટ રીતે આ લાગણી ચૂંટણી પંચ સમક્ષ વ્યક્ત કરે છે. તેમણે ઈશારા-

● અનુસંધાન પાન-૭ પર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

**ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪**

**શિક્ષણ મહાવિદ્યાલય (શિક્ષણ વિશારદ - બી.એડ્.) / હિન્દી શિક્ષક મહાવિદ્યાલય (હિન્દી શિક્ષા વિશારદ - હિન્દી બી.એડ્.)**

વર્ષ ૨૦૧૪-૧૫ માટેનાં પ્રવેશ અરજીપત્ર તા. ૧૦-૪-૨૦૧૪ થી રૂબરૂ કાર્યાલય સમય દરમિયાન શિક્ષણ મહાવિદ્યાલયમાં રૂ. ૨૦૦/- રોકડા ચૂકવવાથી મળી શકશે અથવા અરજીપત્ર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી રૂ.૨૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ (in favour of Registrar, Gujarat Vidyapithના નામે) ટપાલ દ્વારા મોકલી શકશે. અરજીપત્ર ભરીને પરત કરવાની છેલ્લી તા. ૨૪-૫-૨૦૧૪ છે. વધુ માહિતી વેબસાઈટ www.gujaratvidyapith.org પરથી મળશે. ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે SC / ST / OBC / PH ના ઉમેદવારો માટે જગ્યાઓ આરક્ષિત રહેશે.

સ્થળ : અમદાવાદ, તારીખ : ૧૧/૪/૨૦૧૪ — ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com